દાખલ તારીખ :- ૦૯-૧૧-૨૦૨૨
નોંધણી તારીખ :- ૦૯-૧૧-૨૦૨૨
ફેંસલ તારીખ :- ૧૮-૧૧-૨૦૨૨
સમયગાળો :- **વર્ષ-માસ-દિવસ**
**૦૦ - ૦૦ - ૦૯**

**મે.એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, પાટણ, મુ.રાધનપુર.**

**ક્રિ.પર.અ.નં.૪૪૪/૨૦૨૨.**
**આંક :- ૦૭**

**અરજદાર :-** કરશનભાઈ પાતાભાઈ જીવાભાઈ આહીર,
ઉં.વ.આ.૪૩, ધંધો : ખેતી/પશુપાલન,
રહે.મું. બરારા, તા.સાંતલપુર, જી.પાટણ.
હાલ રહે.ખોડીયાર મંદિર પાસે, મણિનગર, આદિપુર, કચ્છ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :-** શ્રી સરકાર

**બાબત :- ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૮ અન્વયે આગોતરા જામીન મેળવવાની અરજી...**

**એડવોકેટસ :-**

અરજદાર/આરોપી તર્ફે વિ.વકીલશ્રી બી.પી.ઠક્કર.
સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ.

**-:: ઠ રા વ ::-**

(૧) આ કામના અરજદાર/આરોપીને સાંતલપુર પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૨૧ ૭૦૩૨૨૨૦૪૪૭/૨૦૨૨, ઈ.પી.કો.કલમ-૩૨૬, ૩૨૪, ૨૯૪(બી), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબના નોંધાયેલા ગુનામાં પોલીસ દ્વારા તેઓની ધરપકડ થવાની દહેશત હોઈ, તેઓએ તેઓના વિ.વ.શ્રી બી.પી.ઠક્કર મારફત ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૮ અન્વયે અરજીમાં જણાવેલ હકીકતો અને કારણોસર હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે એફ.આઈ.આર. મુજબ ટુંકમાં ફરીયાદ હકીકત એવી છે કે, તા.૨૪/૧૦/૨૦૨૨ ના રોજ સાંજના પાંચેક વાગે ફરીયાદી રાજાભાઈ પરબતભાઈ તેમના ઘરેથી તેમનુ મોટર સાયકલ લઈ તેમના કામ અર્થે વૌવા ગામે ગયેલ હતા અને સાંજના પરત ફરતા આશરે સાડા સાતેક વાગ્યાના સમયે દાત્રાણાથી બરારા ગામ જવાના રોડ ઉપર પારાસર નામના તળાવ નજીક પહોંચેલ અને તે સમયે સામેથી મારૂતિ કાર તેમની સાઈડમાં આવતા તેમણે તેમનુ મોટર સાયકલ ઉભુ રાખેલ અને કાર પણ ઉભી રહી ગયેલી. જે સીલ્વર કલરની અલ્ટો ગાડી હોઈ અને તેમાંથી બરારા ગામના કરશનભાઈ પાતાભાઈ આહીર તેના હાથમાં લોખંડની પાઈપ લઈને ઉતરેલ અને ફરીયાદીને કોઈ કારણ વગર મા બેન સામે ગાળો બોલવા લાગેલ અને તે સમયે ગાડીમાંથી અરજણભાઈ પાતાભાઈ આહીર અને પાતાભાઈ જીવાભાઈ આહીરનાઓ તેમની કારમાંથી ધોકા લઈને ઉતરેલ અને ફરીયાદીને ગાળો બોલવા લાગેલ. જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા, કરશન એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને ફરીયાદીને મોઢાના આગળના ભાગે લોખંડની પાઈપ મારતા ફરીયાદીને બંને આંખો ઉપર તથા નાક ઉપર વાગતા તેઓ નીચે પડી ગયેલા અને તે સમયે હાજર અરજણભાઈ તથા પાતાભાઈ ફરીયાદીને શરીરે આડેધડ ધોકા મારવા લાગેલા અને ફરીયાદીને મોઢાના ભાગે ગંભીર ઈજા થતા તેઓ બેભાન થઈ ગયેલા અને નીચે જમીન ઉપર પડી ગયેલ અને તા.૨૫/૧૦/૨૦૨૨ ના રોજ સવારના આઠ વાગ્યાના સમયે ફરીયાદીને ભાન આવેલ અને તે સમયે તેઓ સદારામ આઈ.સી.યુ. રાધનપુરમાં દાખલ હતા અને તેમને દવાખાને કોણ લાવેલ તે બાબતે તેમના પિતરાઈ ભાઈ હીરાભાઈ વાઘાભાઈ આહીરે કહેલ કે, બરારા ગામના દેવાયતભાઈ પુજાભાઈ આહીરનો ફોન આવેલ અને ફરીયાદી બેભાન હાલતમાં રોડની સાઈડમાં પડેલ હોવાની વાત કરતા તેઓ બધા આવી ફરીયાદીને પ્રથમ સાંતલપુર સરકારી દવાખાને અને ત્યારબાદ સદારામ આઈ.સી.યુ.માં લાવેલ હતા અને તેમનુ સીટી સ્કેન કરતા તેમને મોઢાના ભાગે બંને આંખો નજીક તથા નાકના ભાગે નાના મોટા ચારથી પાંચ ફ્રેકચર થયેલાનુ જણાવેલ. જેથી ફરીયાદીને વધુ સારવાર

માટે વાયબ્રન્ટ હોસ્પિટલ, મહેસાણા ખાતે સારવર હેઠળ દાખલ કરેલ અને આ બાબતે ફરીયાદીએ ફરીયાદ આપતા, સાંતલપુર પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૨૧૭૦૩૨૨૨૦૪૪૭/૨૦૨૨, ઈ.પી.કો.કલમ–૩૨૬, ૩૨૪, ૨૯૪(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલો છે.

(૩) આ કામના અરજદાર/આરોપીની હાલની અરજી અંગે સામાવાળા શ્રી સરકારને તથા ત.ક.અમલદારશ્રીને નોટીસ કરવામાં આવેલી. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ હાજર રહેલ છે અને ત.ક.અમલદારશ્રીએ હાજર થઈ તેઓનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી બી.પી.ઠકકર તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટને સાંભળ્યા. અરજદાર/આરોપીની જામીન અરજી વંચાણે લીધી. અરજદાર/આરોપી તરફે આંક–૩ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ નિ.૩/૧ તથા નિ.૩/૫ સુધીથી રજુ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તેમજ આંક–૬ થી રજુ થયેલ ત.ક.અમલદારશ્રી એચ.વી.ચૌધરી, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, સાંતલપુર પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું તથા તપાસનુ રેકર્ડ વંચાણે લીધા.

(૫) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી બી.પી.ઠકકરની દલીલ એવી છે કે, સાંતલપુર પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૨૧૭૦૩૨૨૨૦૪૪૭/૨૦૨૨, ઈ.પી.કો. કલમ–૩૨૬, ૩૨૪, ૨૯૪(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે હાલના અરજદાર/આરોપીની ધરપકડ થવાની દહેશત છે. હાલના ગુનાની ફરીયાદ બે દિવસ મોડી આપવામાં આવેલ છે. આ કામે અકસ્માતના ગુનાને ખોટી રીતે માર માર્યાના ગુનામાં કનવર્ટ કરી ખોટી ફરીયાદ આપેલ છે. આ કામના ઈજા પામનારે હાલના અરજદાર/આરોપીનુ નામ આપેલ નથી. માત્ર અજાણી વ્યકિત એવુ જણાવેલ. અરજદાર/આરોપી દિવાળીની રજામાં ઘરે આવેલ, તેથી ખોટી રીતે હાલના ગુનાની ફરીયાદમાં આરોપી તરીકે જોડી દીધેલ છે. અરજદાર/આરોપીના મોબાઈલનુ લોકેશન

પણ બનાવવાળી જગ્યાનુ નથી. આ કામના અરજદાર/આરપીએ ફરીયાદીને કોઈ ઈજા કરેલ નથી. વધુમાં, આ કામના ઈજા પામનાર ડીસ્ચાર્જ થઈ ગયેલ છે અને ભયમુકત છે. આ કામના ફરીયાદી સામે છથી સાત ગુના નોંધાયેલા છે. આમ, ફરીયાદી પોતે ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, છતા ત.ક.અમલદારના સોગંદનામામાં ફરીયાદી વિરૂધ્ધના ગુના દર્શાવેલા નથી. હાલના અરજદાર/આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. અરજદાર/આરોપી સ્થાનિક રહેવાસી છે અને સ્થાવર તથા જંગમ મીલ્કત ધરાવે છે અને તેથી કયાંય નાસી ભાગી જાય તેમ નથી. આ કામના અરજદાર/આરોપી પ્રતિષ્ઠિત વ્યકિત છે અને અરજદાર/આરોપીની ધરપકડ કરવામાં આવે તો તેમની પ્રતિષ્ઠાને ખુબજ હાનિ પહોંચે તેમ છે તેમજ તેમના પરિવારને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. આ કામના અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તેવી રકમના જામીન આપવા તૈયાર અને ખુશી છે તેમજ પોલીસ તપાસમાં સંપુર્ણ સાથ સહકાર આપવાની ખાત્રી આપે છે. જેથી આ કામના અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૬) સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ સાંતલપુર પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૧૭૦૩૨૨૨૦૪૪૭/૨૦૨૨, ઈ.પી.કો. કલમ–૩૨૬, ૩૨૪, ૨૯૪(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. આ કામે ફરીયાદ હકીકત તથા ત.ક.અમલદારનુ સોગંદનામુ જોવામાં આવે તો, આ કામના અરજદાર/આરોપીએ ઈજા પામનારને મોઢાના ભાગે આંખે અને નાક ઉપર લોખંડની પાઈપ મારીને નાકની ઉપર ત્રણ ફ્રેકચર કરેલ છે. આ કામના અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. આ કામે ગુનામાં વપરાયેલ અલ્ટો ગાડી તથા ટોમી અરજદાર/ આરોપી પાસેથી કબજે કરવાની બાકી છે. હાલમાં તપાસ ચાલુ છે. અરજદાર/આરોપી નાસતા ફરે છે. જેથી ગુનાની ગંભીરતા અને ત.ક.અમલદારનુ સોગંદનામુ ધ્યાને લઈ, હાલની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૭) બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી. ત.ક.અમલદારનુ સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો તથા અરજદાર/આરોપી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ સાંતલપુર પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૨૧૭૦૩૨૨૨૦૪૪૭/૨૦૨૨, ઈ.પી.કો.કલમ–૩૨૬, ૩૨૪, ૨૯૪(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. આ કામે ફરીયાદ હકીકત તથા આંક–૬ થી રજુ ત.ક.અમલદારનુ સોગંદનામું વંચાણે લેતા, આ કામના અરજદાર/આરોપીએ ઈજા પામનારને મોઢાના ભાગે આંખે અને નાક ઉપર લોખંડની પાઈપ મારીને નાકની ઉપર ત્રણ ફ્રેકચર કરેલ હોવાનો આક્ષેપ છે. આ કામના અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, અરજદારનુ નામ ઈજા પામનારે આપેલ નથી, માત્ર અજાણી વ્યકિત એવુ જણાવેલ છે. પરંતુ, આ કામે એફ.આઈ.આર. જોવામાં આવે તો તેમાં હાલના અરજદાર/આરોપીનુ નામ છે અને અરજદાર/આરોપીએ ફરીયાદીને લોખંડની પાઈપ વડ માર મારી ફ્રેકચર કરેલાની હકીકત દર્શાવેલી છે. જેથી અરજદારના વિ.વ.શ્રીની આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી. આ કામે ફરીયાદ તથા ત.ક.અમલદારનુ સોગંદનામુ ધ્યાને લેતા, અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે. વધુમાં, હાલના અરજદાર/આરોપી નાસતા ફરે છે. જયારે હાલના અરજદાર/આરોપીની હાલના ગુનાના કામે સંડોવણી અંગે તપાસ મહત્વના તબકકે હોય, ત્યારે જો હાલના અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી મંજુર કરવામાં આવે તો તપાસને વિપરીત અસર થાય તેમ જણાય છે. હાલના અરજદાર /આરોપી મુખ્ય આરોપી છે. આ કામે તપાસના કામે અરજદાર/આરોપીની હાજરીની જરૂર જણાય છે. આમ, આ કામે એફ.આઈ.આર. પોલીસ પેપર્સ તથા આઈ.ઓ.નુ સોગંદનામું ધ્યાને લેતા, અરજદાર/આરોપી સામે પ્રાઈમાફેસી કેસ છે. હાલમાં તપાસ ચાલુ છે. આ કામે ફરીયાદમાં અરજદાર/આરોપીનુ સ્પષ્ટ નામ અને ગુનાની વિગત વિગતવાર દર્શાવેલ છે. જે તમામ સંજોગોમાં આ કામના અરજદાર/આરોપીનો ગુનામાં રોલ તથા ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ ધ્યાને લેતા તથા સમાજના હિતનો ખ્યાલ

કરતા તેમજ આ કામના અરજદાર/આરોપી વિરૂઘ્ધ પોલીસ રેકર્ડ ઉપરનો એકંદર પુરાવો ઘ્યાને લેતા, ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૮ અન્વયેની આગોતરા જામીન સંબંધી સેશન્સ કોર્ટની ખાસ સત્તાનો ઉપયોગ કરી, આ કામના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવાનુ ન્યાયી, વ્યાજબી અને યોગ્ય જણાતુ નથી, તેવુ આ કોર્ટનું માનવુ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

–– આ કામના અરજદાર/આરોપી કરશનભાઈ પાતાભાઈ જીવાભાઈ આહીર, રહે.મુ.બરારા, તા.સાંતલપુર, જી.પાટણ તથા હાલ રહે.ખોડીયાર મંદિર પાસે, મણિનગર, આદિપુર, કચ્છવાળાની સાંતલપુર પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૧૭૦૩૨૨૨૦૪૪૭/૨૦૨૨, ઈ.પી.કો.કલમ–૩૨૬, ૩૨૪, ૨૯૪(બી), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામની ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૮ અન્વયેની આગોતરા જામીન ઉપર મુકત થવા સંબંધેની અરજી આથી **નામંજુર** યાને **રદ** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.**૧૮ મી,** માહે **નવેમ્બર,** સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૮/૧૧/૨૦૨૨.
પાટણ.

( **ગૌરાંગ જીતેન્દ્રકુમાર શાહ** )
GJ00660
ઈ.ચા. એડીશનલ સેશન્સ જજ, પાટણ,
મુ.રાધનપુર.

KBS.